# Launch of new consular service by Indian Missions/Posts abroad –Reissue of International Driving Permit

February 12, 2021

# વિદેશમાં ભારતીય મિશનો/પોસ્ટ્સ દ્વારા નવી કોન્સ્યુલર સેવાનો પ્રારંભ-આંતરરાષ્ટ્રિય ડ્રાઇવિંગ પરમિટ ફરીથી જારી કરવી

ફેબ્રુઆરી 12, 2021

1. પરિવહન અને હાઇવે મંત્રાલય (MoRTH) સાથેનાં સહકારમાં વિદેશમાં સ્થિત ભારતીય મિશનો/પોસ્ટ્સ દ્વારા ભારતીય રાષ્ટ્રિયતા ધરાવતા નાગરિકોને 15.02.2021 નાં રોજથી આંતરરાષ્ટ્રિય ડ્રાઇવિંગ પરમિટ (IDP) ફરીથી જારી કરવાની સુવિધા પ્રદાન કરવામાં આવશે. વિદેશમાં સ્થિત/પોસ્ટ્સ દ્વારા આ કોન્સ્યુલર સેવા એવા દેશોમાં પ્રદાન કરવામાં આવશે, જેઓ રોડ ટ્રાફિક પરનાં જીનેવા કન્વેન્શન, 1949 પર હસ્તાક્ષર કર્યા હોય.

2. આ સેવા પ્રાપ્ત કરવા માટે, અરજકર્તાઓ પરચૂરણ કોન્સ્યુલર સેવા પત્રક, જરૂરી કોન્સ્યુલર સેવા ફી અને સંબંધિત દસ્તાવેજો સબમિટ કરવા સંબંધિત ભારતીય મિશન/પોસ્ટ્સની રૂબરૂ મુલાકાત લઇ શકે છે. ખરાઇ કર્યા બાદ એક રસીદ જારી કરવામાં આવશે જેનો www.parivahan.gov.in પોર્ટલ મારફત IDP નાં ફરીથી જારીકરણ માટે અરજી કરવા માટે ઉપયોગ કરી શકાય છે. અરજકર્તાઓએ વેબ પોર્ટલ પર સંબંધિત દસ્તાવેજો, વિદેશમાં સ્થિત ભારતીય મિશન/પોસ્ટ દ્વારા જારી કરવામાં આવેલી રસીદ આપલોડ કરી અને IDP ફી ઓનલાઇન ચૂકવવાની રહેશે. પોર્ટલ મારફત અરજી મળવા પર, લાયસન્સિંગ ઓથોરિટી

(MoRTH) દ્વારા દસ્તાવેજોની ખરાઇ કર્યા બાદ IDP જારી કરવામાં આવશે અને અરજકર્તાનાં સરનામા પર સીધુ જ કુરિયર કરવામાં આવશે.

3. વધુ વિગતો માટે, અરજકર્તા www.parivahan.gov.in ની મુલાકાત લઇ શકે છે અને વિદેશ સ્થિત સંબંધિત ભારતીય મિશન/પોસ્ટનો સંપર્ક કરી શકે છે.

**નવી દિલ્હી**

**ફેબ્રુઆરી 12, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.